# સુરતની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમોને મંજુરી

સુરત શહેરનો ખૂબજ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. તેના કારણે સુરતની આજુબાજુના વિસ્તારોમાં પણ રહેઠાણ, ઉદ્યોગધંધાઓ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આ તમામ વિસ્તારોનું આયોજન ભવિષ્યને ધ્યાનમાં રાખીને થાય અને નવા વિસ્તારો સુંદર રીતે વિકસે તે માટે ઘણા સમયથી આ વિસ્તારોની ડ્રાફ્ટ ટી.પી.ની મંજૂરીની રાહ જોવાઈ રહી હતી.

સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરની આસપાસના વિસ્તારને આવરી લેતાં સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (સુડા) હેઠળના વિસ્તારની (1) 67 (જીઆવ–સોનેરી–ગભેણી) અને (2) 75 (વેસુ–મગદલ્લા–ગવીયર) એમ કુલ 2 ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોને મંજૂરી આપતા જાહેરનામા પ્રસિધ્ધ કરવા છેલ્લા અઠવાડીયામાં મંજૂરી આપવામાં આવેલ છે.

આ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોને મંજૂરી મળતાં, સુરત મહાનગરપાલિકા/સુડા દ્વારા રસ્તા, વોટર સપ્લાય, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓ માટેનું આયોજન અને તે અંગેની કાર્યવાહી હવે થઈ શકશે. જેને કારણે, શહેરના આયોજનબધ્ધ વિકાસને વેગ મળશે.

ટુંક સમયમાં ટી.પી.ઓ.ની નિમણુંક પણ આ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોને આખરી કરવા માટે કરવામાં આવશે.

સૌનો સાથ... સૌનો વિકાસ... જય જય ગરવી ગુજરાત...